Surat Municipal Corporation

e-Magazine

Issue 47
April 14, 2006

## કોલ્હાપુર મહારાષ્ટ્રના મ્યુ. કમિશ્નરશ્રી કુનાલ કુમાર સુરત મહાનગરપાલિકાની મુલાકાતે



શ્રી કુનાલ કુમાર, આઈ.એ.એસ. મ્યુ. કમિશ્નરશ્રી, કોલ્હાપુર, મહારાષ્ટ્રના તા. ૩–૪–૦૬ થી તા. ૪–૪–૦૬ના રોજ સુરત શહેરની આરોગ્યલક્ષી નાઈટબ્રશીંગ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન અને તેના નિકાલની કામગીરી નિહાળવા અને સુરત મહાનગરપાલિકા ધ્વારા અખત્યાર કરેલ ઘનકચરા નિકાલ પધ્ધતિના અભ્યાસ અર્થે સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" સુરત મહાનગરપાલિકા તા. ૦૯–૦૪–૨૦૦૬ થી તા. ૧૨–૦૪–૨૦૦૬ દરમ્યાન ૫ વર્ષ સુધીના ચાર લાખ સત્તાવન હજારથી વધુ બાળકોને પોલીયોની રસી પીવડાવશે

નાના બાળકોમાં થતી અને તેમને અપંગ બનાવતી બાળલકવા જેવી બિમારીને નાબુદ કરવા માટે ભારત સરકાર ધ્વારા સને ૧૯૯૫–૧૯૯૬ના વર્ષથી બાળલકવા નાબુદી અભિયાન (આઈ.પી.પી.આઈ.) કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો ત્યારથી આ કાર્યક્રમ હેઠળ ૫ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકોને પોલીયોની રસી દર વર્ષે નકકી કરેલા ચોકકસ દિવસો દરમ્યાન પીવડાવવામાં આવે છે. સુરતમાં અત્યાર સુધીમાં આઈ.પી.પી.આઈ. કાર્યક્રમનાં ૪૦ (ચાલીસ) રાઉન્ડ હાથ ધરવામાં આવ્યા છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## વર્ગ–૪ના સફાઈ કામદારોની આવાસ યોજનાઓના ડ્રો



સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા વર્ગ–૪ના સફાઈ કામદારો માટે સુરત મહાનગરપાલિકાએ બે રૂમ રસોડાના ૬૦ આવાસો રાંદેર ઝોનમાં, રૂમ રસોડાના ૪૮ આવાસો કતારગામ ઝોનમાં, રૂમ રસોડાના ૨૨૪ આવાસો વરાછા ઝોનમાં, રૂમ રસોડાના ૬૦ અને બે રૂમ રસોડાના ૭૫ આવાસો લિંબાયત ઝોનમાં, રૂમ રસોડાના ૮૦ આવાસો ઉધના ઝોનમાં અને બે રૂમ રસોડાના ૨૦૪ આવાસો અઠવા ઝોનમાં બનાવવાનું આયોજન કરેલ છે. ઉપરોકત આવાસ યોજનાઓ માટે સુરત મહાનગરપાલિકાએ સંબંધિત સફાઈ કામદાર ભાઈ બહેનો પાસેથી અરજીઓ મંગાવેલ હતી. જે પૈકી માન્ય ઠરેલ અરજીઓનો ફલેટ ફાળવણીનો જાહેર ડ્રો મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણીના વરદ હસ્તે તા. ૭–૪–૨૦૦૬ના રોજ ગાંધીસ્મૃતિ ભવન ખાતે યોજાયેલ હતો.....

વધુ માટે કલીક કરો >>>>>>

## " વિશ્વ આરોગ્ય દિન તા. ૭ મી એપ્રિલ " " સ્વાસ્થય માટે સહુ સાથે "

તા. ૭ મી એપ્રિલનાં રોજ " વિશ્વ આરોગ્ય દિન " ઉજવવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા ધ્વારા આ અંગે "સ્વાસ્થય માટે સહુ સાથે" સુત્ર નકકી કરવામાં આવેલ છે. શહેરના નાગરીકોને આરોગ્યલક્ષી વિવિધ કાર્યક્રમોની જાણકારી મળી રહે તે માટે કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.) ગાંધીનગરના આદેશ મુજબ તા. ૭ મી એપ્રિલના રોજ સુરત રેલ્વે સ્ટેશન તથા શહેરનાં સેન્ટ્રલ બસ સ્ટેશન ખાતે આરોગ્ય વિષયક નિરામય આરોગ્ય પ્રદર્શન યોજવામાં આવ્યું હત ...



વધુ માટે કલીક કરો >>>>>>

# કોલ્હાપુર મહારાષ્ટ્રના મ્યુ. કમિશ્નરશ્રી કુનાલ કુમાર સુરત મહાનગરપાલિકાની મુલાકાતે



શ્રી કુનાલ કુમાર, આઈ.એ.એસ. મ્યુ. કમિશ્નરશ્રી, કોલ્હાપુર, મહારાષ્ટ્રના તા. ૩–૪–૦૬ થી તા. ૪–૪–૦૬ના રોજ સુરત શહેરની આરોગ્યલક્ષી નાઈટબ્રશીંગ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન અને તેના નિકાલની કામગીરી નિહાળવા અને સુરત મહાનગરપાલિકા ધ્વારા અખત્યાર કરેલ ઘનકચરા નિકાલ પધ્ધતિના અભ્યાસ અર્થે સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ. આ સંદર્ભે તેઓએ આજ રોજ સવારે સુરત મહાનગરપાલિકાના નીચે મુજબના સ્થળોએ પ્રત્યેક્ષ કામગીરી નિહાળી હતી.

1. અઠવા ઝોન વિસ્તારમાં સંકલ્પ સોસાયટી પાસે તથા ભટાર રોડ જમના નગર નહેર પાસે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી.
2. આંજણા ટ્રાન્સફરસ્ટેશન ખાતે સોલીડ વેસ્ટના નિકાલની કામગીરી.
3. પાલ ટ્રાન્સપોર્ટેશન ખાતે સોલીડવેસ્ટના વજન કરવાની સીસ્ટમ તેમજ ઘનકચરા લોડીંગ, અનલોડીંગની કામગીરી.
4. અડાજણ હેલ્થ સેન્ટર ખાતે શહેરના નાગરિકોને આપવમાં આવતી આરોગ્યલક્ષી સેવાઓની કામગીરી.
5. ભટાર બાયો મેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે BOOT બેઈઝડ પધ્ધતિ હેઠળ ઘનકચરા નિકાલની કામગીરી.
6. ખજોદ ડીસ્પોઝલ પ્લાન્ટ ખાતે શહેરના ટ્રાન્સફર સ્ટેશનો ખાતેથી લાવવામાં આવતા સોલીડ વેસ્ટને લેવલીંગ તેમજ તેના ડીસ્પોઝલ અંગેની કામગીરી નિહાળી હતી.

ઉપરોકત મુલાકાત બાદ તા.૦૪–૦૪–૨૦૦૬નાં રોજ સાંજે ૩.૩૦ કલાકે કમિશ્નરશ્રી સાથે સુરત શહેરની કામગીરી બાબતનો ચિતાર મેળવ્યો હતો. તેમને ટેન્ડર ડોકયુમેનટ, એગ્રીમેન્ટ તેમજ ડીસ્પોઝલ તેમજ સોલીડ વેસ્ટ કામગીરીના પત્રકો તેમજ સુરત મહાનગરપાલિકા ધ્વારા તૈયાર કરવામાં આવેલ " વિઝન–૨૦૨૦ " ની નકલ આપવામાં આવી હતી.

કોલ્હાપુર, મહારાષ્ટ્રના મ્યુ. કમિશ્નર શ્રી કુનાલ કુમાર, આઈ.એ.એસ. એ ટુર દરમ્યાન સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તરફથી મળેલ સહકાર અને માર્ગદર્શન બદલ આભાર માન્યો હતો.

કમિશ્નરશ્રીની મુલાકાત પ્રસંગે ડે. કમિશ્નરશ્રી (હે.અનેહો.) ડો. આઈ. સી. પટેલ, ડે.કમિશ્નરશ્રી (પ.અનેઈ.) શ્રી સી. જે.ગામીત હાજર રહયા હતા.

TOP

## "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" સુરત મહાનગરપાલિકા તા. ૦૯–૦૪–૨૦૦૬ થી તા. ૧૨–૦૪–૨૦૦૬ દરમ્યાન ૫ વર્ષ સુધીના ચાર લાખ સત્તાવન હજારથી વધુ બાળકોને પોલીયોની રસી પીવડાવશે.

નાના બાળકોમાં થતી અને તેમને અપંગ બનાવતી બાળલકવા જેવી બિમારીને નાબુદ કરવા માટે ભારત સરકાર ધ્વારા સને ૧૯૯૫–૧૯૯૬ના વર્ષથી બાળલકવા નાબુદી અભિયાન (આઈ.પી.પી.આઈ.) કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો ત્યારથી આ કાર્યક્રમ હેઠળ ૫ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકોને પોલીયોની રસી દર વર્ષે નકકી કરેલા ચોકકસ દિવસો દરમ્યાન પીવડાવવામાં આવે છે. સુરતમાં અત્યાર સુધીમાં આઈ.પી.પી.આઈ. કાર્યક્રમનાં ૪૦ (ચાલીસ) રાઉન્ડ હાથ ધરવામાં આવ્યા છે.

આઈ.પી.પી.આઈ. કાર્યક્રમની સફળતાને કારણે જ ભારતમાં બાળલકવાના કેસોમાં ઉત્તરોત્તર–ઉત્તર થવા પામ્યો છે. **સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં બાળલકવાનો છેલ્લો પોઝીટીવ કેસ માહે, ફેબ્રુઆરી–૧૯૯૯માં નોંધાયો હતો, ત્યારબાદ આજ સુધી બાળલકવાનો એક પણ પોઝીટીવ કેસ જણાતો નથી.**

સને ૨૦૦૬નાં વર્ષ દરમ્યાન નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે કાર્યક્રમનો પ્રથમ રાઉન્ડ તા. ૦૯–૦૪–૨૦૦૬ થી તા. ૧૨–૦૪–૨૦૦૬ દરમ્યાન તથા બીજો રાઉન્ડ તા. ૨૧–૦૫–૨૦૦૬ થી તા. ૨૪–૦૫–૨૦૦૬ દરમ્યાન હાથ ધરવામાં આવનાર છે.

સુરત મહાનગરપાલિકાના સમગ્ર વિસ્તારમાં ૨૭ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટરો (શહેરી આરોગ્ય કેન્દ્રો) પર આ માટે ૧૭૬૫ રસીકરણ કેન્દ્રો (બુથ) નકકી કરવામાં આવ્યા છે. કાર્યક્રમના પ્રથમ દિવસે રસીકરણ કેન્દ્ર પર તથા બીજા, ત્રીજા અને ચોથા દિવસે (સેન્ટ્રલ ઝોન સિવાય) આરોગ્ય કાર્યક્રમો ઘરે ઘરે ફરીને પાંચ વર્ષ સુધીની ઉંમરના બાળકોને પોલીયોની રસી પીવડાવશે. સમગ્ર કાર્યક્રમમાં ૫૫ મેડીકલ ઓફિસરો, ૩૫૦ સુપરવાઈઝરો, ૧૭૬૫ પેરામેડીકલ વર્કરો તથા ૩૫૩૦થી વધુ સહાયક કર્મચારીઓ મળી કુલ ૫૭૦૦થી વધુ કર્મચારીઓ ભાગ લેશે. કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ ઉપરાંત સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના શિક્ષકો, સ્મીમેર મેડીકલ કોલેજ, ગવર્નમેન્ટ મેડીકલ કોલેજના તબીબી સ્ટુડન્ટસ, નર્સીંગ સ્ટુડન્ટસ, લોખાત હોસ્પિટલનાં ડી.એમ.એલ.ટી. તથા નર્સીંગ સ્ટુડન્ટસ, મિશન હોસ્પિટલનાં નર્સીંગ સ્ટુડન્ટસ, હોમીયોપેથી, આયુર્વેદીક કોલેજનાં સ્ટુડન્ટસ, અશકતાશ્રમ તથા સુરત જનરલ હોસ્પિટલનાં નર્સ બહેનો, પી.એસ.એચ., આઈ.સી.ડી.એસ., યુ.સી.ડી.નાં કાર્યકરો, નિરવ મહીલા મંડળનાં બહેનો, વેસ્ટર્ન રેલ્વે (સુરત) સ્કાઉન્ટની રોવર/રેન્જર ટીમ, નવ સર્જન ટ્રસ્ટ તથા અન્ય સેવાભાગી સંસ્થાઓના સ્વયં–સેવકો કાર્યક્રમમાં સહભાગી થશે.

સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, માજી. મ્યુ. સદસ્યશ્રીઓ, સ્થાનિક કાર્યકરો, વર્તમાનપત્રના તંત્રીશ્રીઓ, સ્થાનિક ચેનલો, સીનેમા ગૃહો તથા સેવાભાવી સંસ્થાઓને કાર્યક્રમમાં સહભાગી થઈ અગાઉની જેમ સહકાર આપી આ રાષ્ટ્રીય કાર્યક્રમને સફળ બનાવવા માટે વિનંતી કરવામાં આવે છે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુનિસિપલ કમિશ્નરશ્રી પંકજ જોષીનાં આદેશાનુસાર ડેપ્યુટી કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ડો. આઈ. સી. પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંત દેસાઈ ધ્વારા કરવામાં આવ્યું છે.

**નોંધ :– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના ૫ વર્ષ સુધીના તમામ બાળકોને તા. ૦૯–૦૪–૨૦૦૬ના રોજ આપના રહેઠાણ નજીકના રસીકરણ કેન્દ્ર પર પોલીયોની રસી અવશ્ય પીવડાવો. બાળકને સામાન્ય તાવ, શરદી કે ઝાડા જેવી બિમારી હોય તો પણ.**

**આપણું એક જ લક્ષ્ય**

**બાળ લકવા મુકત ભારત**

TOP

## વર્ગ–૪ના સફાઈ કામદારોની આવાસ યોજનાઓના ડ્રો

સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા વર્ગ–૪ના સફાઈ કામદારો માટે સુરત મહાનગરપાલિકાએ બે રૂમ રસોડાના ૬૦ આવાસો રાંદેર ઝોનમાં, રૂમ રસોડાના ૪૮ આવાસો કતારગામ ઝોનમાં, રૂમ રસોડાના ૨૨૪ આવાસો વરાછા ઝોનમાં, રૂમ રસોડાના ૬૦ અને બે રૂમ રસોડાના ૭૫ આવાસો લિંબાયત ઝોનમાં, રૂમ રસોડાના ૮૦ આવાસો ઉધના ઝોનમાં અને બે રૂમ રસોડાના ૨૦૪ આવાસો અઠવા ઝોનમાં બનાવવાનું આયોજન કરેલ છે.

ઉપરોકત આવાસ યોજનાઓ માટે સુરત મહાનગરપાલિકાએ સંબંધિત સફાઈ કામદાર ભાઈ બહેનો પાસેથી અરજીઓ મંગાવેલ હતી. તમામ આવાસ યોજનાઓ માટે કુલ ૧૨૨૭ અરજીઓ મળી હતી જે પૈકી ૧૦૪૭ માન્ય ઠરેલ અરજીઓનો ફલેટ ફાળવણીનો જાહેર ડ્રો મેયરશ્રી ડો. કનુભાઈ જી. માવાણીના વરદ હસ્તે તા. ૭–૪–૨૦૦૬ના રોજ ગાંધીસ્મૃતિ ભવન ખાતે યોજાયેલ હતો.

આવાસ ફાળવણીના આ જાહેર ડ્રો ના પ્રસંગે મહાનુભાવોનું સ્વાગત કરતા ડે. કમિશ્નર (હે. અને હો.) શ્રી ડો. આઈ. સી. પટેલે આવાસ યોજનાની રૂપરેખા અને ડ્રો ની અનુસરવા જોગ કાર્યવાહીની સમજ આપી હતી.



મા. મેયરશ્રીએ જણાવેલ હતું કે સુરત મહાનગરપાલિકાના સફાઈ કામદારોની આવાસ યોજના અંગેની લાંબા સમયની માંગણી પુરી કરતા મહાનગરપાલિકાએ હર્ષ અને આનંદની લાગણી થાય છે. આ આવાસ યોજનાઓ માટે જરૂરી જમીનની ફાળવણી મહાનગરપાલિકાએ વિના મુલ્યે પુરી પાડી છે. તેઓએ વધુમાં જણાવ્યું કે સફાઈ કામદારોની આ આવાસ યોજનાનો જાહેર ડ્રો જોગાનું જોગ " વિશ્વ આરોગ્ય દિન " ના શુભ દિવસે યોજાયો છે જે આનંદની વાત છે. મેયરશ્રીએ વધુમાં જણાવ્યું કે સૌને માટે સારૂ આરોગ્ય એ જ જીવનની અમુલ્ય મુડી છે. સફાઈ કામદાર ભાઈ બહેનોને પોતાના અંગત સ્વજન ગણીને વ્યસન મુકત થવાની પણ શિખામણ આપી હતી.

જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી કે. પી. વાઘેલાએ જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાએ તેના સફાઈ કામદારો માટે આવાસ યોજના બનાવાની રાજયસભામાં પહેલ કરી, અગ્રેસર મહાનગરપાલિકા બની છે. કતારગામ, લિંબાયત, વરાછા અને ઉધના ઝોનના ૪૧૨ આવાસો માટે ગુજરાત સરકારના " ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર " ધ્વારા મંજુર કરવામાં આવેલ રૂા. ૩.૯૨ કરોડની ગ્રાંટ તથા લોન સહાયની માહિતી આપી હતી. સમગ્ર ડ્રો ની કામગીરી તટસ્થ અને પારદર્શક થઈ હોવાનો અભિપ્રાય આપ્યો હતો.

સમગ્ર ડ્રો દરમ્યાન ડે. મેયરશ્રી ડો. સુષ્માબેન અગ્રવાલ, વિરોધ પક્ષના નેતાશ્રી યોગેશભાઈ કાપડીયા, આરોગ્ય સમિતિના અધ્યક્ષ ડો. જગદીશભાઈ પટેલ, રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબેન રાણા, સ્લમ કમિટીના અધ્યક્ષ શ્રી ભીખુભાઈ ગામીત, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, મ્યુ. સભ્યશ્રી દયાશંકર સીંગ, આરોગ્ય અધિકારીશ્રી હેમંતભાઈ દેસાઈ, કાર્યપાલક ઈજનેરશ્રી ડી. એમ. પટેલ તેમજ પર્સોનલ અધિકારી (આરોગ્ય) શ્રી નવલસિંહ સોલંકી ઉપસ્થિત રહયા હતા.

ઓબ્ઝર્વર તરીકે કાર્યપાલક ઈજનેરશ્રી ડી. સી. ગાંધીએ સેવા આપી હતી.

સ્ટેજ સંચાલન યુ.સી.ડી.ના ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી નરેશભાઈ વ્યાસે કર્યુ હતું.

આભારવિધિ ડે. ટાઉન પ્લાનર આર. પી. પટેલે કરી હતી.

TOP

## '' વિશ્વ આરોગ્ય દિન તા. ૭ મી એપ્રિલ '' '' સ્વાસ્થય માટે સહુ સાથે ''

તા. ૭ મી એપ્રિલનાં રોજ '' વિશ્વ આરોગ્ય દિન '' ઉજવવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા ધ્વારા આ અંગે ''સ્વાસ્થય માટે સહુ સાથે'' સુત્ર નકકી કરવામાં આવેલ છે. શહેરના નાગરીકોને આરોગ્યલક્ષી વિવિધ કાર્યક્રમોની જાણકારી મળી રહે તે માટે કમિશનરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.) ગાંધીનગરના આદેશ મુજબ તા. ૭ મી એપ્રિલના રોજ સુરત રેલ્વે સ્ટેશન તથા શહેરનાં સેન્ટ્રલ બસ સ્ટેશન ખાતે આરોગ્ય વિષયક નિરામય આરોગ્ય પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

સુરત રેલ્વે સ્ટેશન ખાતે સવારે ૧૦.૦૦ કલાકે મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીનાં હસ્તે પ્રદર્શનને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. મા. મેયરશ્રીએ તેમનાં પ્રાસંગીક ઉદબોધનમાં આરોગ્યની ગુણવતામાં વધારો થાય તે માટે રાજય સરકાર તરફથી લેવામાં આવતાં આરોગ્ય વિષયક કાર્યક્રમોની જાણકારી આપી હતી. આરોગ્ય કામગીરી લોક ભોગ્ય બને અને લોકોમાં આરોગ્ય અંગેની જાણકારી વધે તેવા તમામ પગલાઓ લેવા તથા વિશ્વ આરોગ્ય સંસ્થા ધ્વારા આ અંગે '' સ્વાસ્થય માટે સહુ સાથે '' સુત્રને એક બીજાનાં સાથ સહકારથી સાર્થક કરવા અનુરોધ કર્યો હતો તથા આગામી પલ્સ પોલીયો કાર્યક્રમમાં નાગરિકો, સેવાભાવી સંસ્થાઓને સહભાગી થઈ કાર્યક્રમને સફળ બનાવવા અપીલ કરી હતી.




જે પ્રસંગે આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી ડો. જગદીશ પટેલ, રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબેન રાણા, ડે. કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ડો. આઈ. સી. પટેલ, આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંત એસ. દેસાઈ, આસી. કમિશનરશ્રી સી. વાય. ભટ્ટ, રેલ્વે વિભાગનાં સુપ્રિન્ટેન્ડન્ટશ્રી શેખ, નાયબ આરોગ્ય અધિકારી, પી. એસ. એચ. ડો. વી. વી. પરમાર, નાયબ/આસી. આરોગ્ય અધિકારી (તમામ ઝોન) વિગેરે હાજર રહયા હતા.

આ પ્રદર્શનમાં સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગનાં વિવિધ ખાતાઓ તરફથી આરોગ્ય શિક્ષણ, રોગ વિષયક માહિતી, રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમો તેમજ રોગ અટકાયતનાં પગલા વિગેરેની જાણકારી તથા આરોગ્યલક્ષી કામગીરી ઓડીયો વિઝયુલ ધ્વારા પ્રદર્શીત કરવામાં આવી હતી.

કાર્યક્રમને જાહેર જનતા તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ સાંપડયો હતો.

TOP